પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૨૬ ૦૬ એપ્રિલ, ૨૦૨૩, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં કોરોનાના કેસ ૪ હજારને પાર

**દેશમાં કોરોના વાયરસનો ફરી એકવાર ઉછાળો : છેલ્લા ચોવિસ કલાકમાં કોરોનાના ૪૪૩૫ નવા કેસ : સપ્ટેમ્બર ૨૦૨૨ પછી આ પ્રથમ વખત છે જ્યારે દેશમાં એક જ દિવસમાં ૪૦૦૦ થી વધુ કોરોના કેસ નોંધાયા, સક્રિય દર્દીઓની સંખ્યા ૨૩૦૦૦ને વટાવી ગઈ**



નવી દિલ્હી, તા.૫

દેશમાં કોરોના વાયરસનો ફરી એકવાર ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૪૪૩૫ નવા કેસ નોંધાયા છે અને સક્રિય દર્દીઓની સંખ્યા ૨૩૦૦૦ને વટાવી ગઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૨ પછી આ પ્રથમ વખત છે જ્યારે દેશમાં એક જ દિવસમાં ૪૦૦૦ થી વધુ કોરોના કેસ નોંધાયા છે. ગયા વર્ષે ૨૫ સપ્ટેમ્બરે કુલ ૪,૭૭૭ કેસ નોંધાયા હતા. ભારતમાં કોરોનાની સંખ્યા ૪.૪૭ કરોડ પર પહોંચી ગઈ છે. જ્યારે ૨૪ કલાકમાં કુલ મૃત્યુઆંક ૧૫ પર પહોંચી ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આજે સવારે ૮ વાગ્યા સુધી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર આ સંખ્યામાં વધારો થયો છે.

હાલમાં સક્રિય કેસ કુલ સંક્રમણના ૦.૦૫ ટકા છે. મંત્રાલયના ડેટા પ્રમાણે કોવિડ-૧૯માંથી સાજા થનારાઓનો રાષ્ટ્રીય રિકવરી રેટ ૯૮.૭૬ ટકા નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મુકેશ અંબાણી ફરી એશિયાના સૌથી અમીર વ્યક્તિ બન્યા

**ગૌતમ અદાણી નીચલા સ્થાને સરકી ગયા : મુકેશ અંબાણી ઇં૮૩.૪ બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની ફોર્બ્સ બિલિયોનરની યાદીમાં ૯મા સ્થાને આવી ગયા છે**

નવી દિલ્હી, તા.૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ફરી એકવાર એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પછાડી દીધા હતા, પરંતુ ફરી એકવાર મુકેશ અંબાણીએ આ સ્થાન પર કબજો જમાવ્યો છે. ભારતના મુકેશ અંબાણીએ ફોર્બ્સ બિલિયોનેર્સ લિસ્ટ ૨૦૨૩માં ૯મું સ્થાન મેળવ્યું છે અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. ૬૫ વર્ષીય મુકેશ અંબાણી રૂ.૮૩.૪ બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની ફોર્બ્સ બિલિયોનરની યાદીમાં ૯મા સ્થાને આવી ગયા છે. આ રીતે તેણે ફરી એકવાર ટોપ ૧૦માં પોતાની જગ્યા બનાવી લીધી છે. ન્ફસ્ઉઁ ના બર્નાર્ડ આર્નોલ્ટ આ યાદીમાં પ્રથમ સ્થાને છે અને તેમની કુલ સંપત્તિ રૂ.૨૧૧ બિલિયન છે. ગયા વર્ષે, મુકેશ અંબાણી ફોર્બ્સની આ પ્રખ્યાત અબજોપતિઓની યાદીમાં ૧૦મા સ્થાને હતા



અને તેમની કુલ સંપત્તિ ૯૦.૭ બિલિયન ડોલર હતી. મુકેશ અંબાણી હાલમાં આ વર્ષની યાદીમાં માઈક્રોસોફ્ટના સ્ટીવ બાલ્મર, ગૂગલના લેરી પેજ અને સર્ગેઈ બ્રિનથી આગળ છે. આટલું જ નહીં ફેસબુકના માર્ક ઝકરબર્ગ અને ડેલ ટેક્નોલોજીના માઈકલ ડેલ પણ આગળ છે. અદાણીના અમીરોની સંપત્તિમાં ભારે ઘટાડો થયો છે અને તેઓ ફોર્બ્સની અબજોપતિઓની યાદીમાં ૨૪મા સ્થાને આવી ગયા છે. હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યા બાદ અદાણી જૂથની નેટવર્થમાં થયેલા ઘટાડાને કારણે ફોર્બ્સની અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ૨૪માં સ્થાને સરકી ગયા છે.

## યુએનમાં ભારતે તેના કાયમી સભ્યપદનો બચાવ કર્યો

**માત્ર અસ્થાયી શ્રેણીમાં વિસ્તરણ કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં : યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે યુએન સુરક્ષા પરિષદમાં સંબોધન કર્યું**

વોશિંગ્ટન,તા.૫

યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે યુએન સુરક્ષા પરિષદમાં તેની કાયમી સભ્યપદ માટેના ભારતના દાવાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે અસ્થાયી શ્રેણીના વિસ્તરણ કરવાથી સભ્યોની બે શ્રેણીઓ વચ્ચે અણબનાવ થશે અને સમસ્યાનો ઉકેલ આવશે નહીં.

યુએનએસસીને સંબોધતા કંબોજે જણાવ્યું હતું કે ભારત સ્થાયી અને અસ્થાયી એમ બંને શ્રેણીઓમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યપદના વિસ્તરણના પક્ષમાં છે પરંતુ માત્ર અસ્થાયી શ્રેણીમાં વિસ્તરણ કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં. આમ કરવાથી કાયમી અને અસ્થાયી સભ્યો વચ્ચેનું અંતર વધશે અને વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ જોતા આ યોગ્ય નથી. સુરક્ષા પરિષદની વર્તમાન રચના સમકાલીન વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. આમાં સુધારા કરવાની તાતી જરૂરીયાત છે.

● અનુસંધાન પાન-૭ પર



## સરકારી-ખાનગી નોકરીના નામે પૈસા પડાવતા પાંચની ધરપકડ

**ઓડિશા પોલીસે એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો : ટોળકીનો માસ્ટર માઇન્ડ સરકારી નોકરી ઇચ્છુકો અને ખાનગી ક્ષેત્રમાં તકો શોધનારાનો સંપર્ક કરતો, વિવિધ સરકારી-ખાનગી સંસ્થાઓમાં નકલી નિમણૂંકનું વચન આપીને પૈસા પડાવતો**

બાલાસોર,તા.૫

ઓડિશા પોલીસે એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે, જે કથિત રીતે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં નકલી નોકરીઓ આપવાના નામે લોકો પાસેથી પૈસા પડાવતા હતા. એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે જાણકારી આપી હતી. જેના પગલે બાલાસોરના બે સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીના જણાવ્યા અનુસાર, ટોળકીનો માસ્ટર માઈન્ડ સરકારી નોકરી ઈચ્છુકો અને ખાનગી ક્ષેત્રમાં તકો શોધી રહેલા લોકોનો સંપર્ક કરતો હતો અને વિવિધ સંસ્થાઓમાં નકલી નિમણૂંકનું વચન આપીને તેમની પાસેથી પૈસા પડાવતો હતો. કેટલાક વચેટિયા ઉમેદવારોમાં નોકરીની તકો વિશે માહિતી ફેલાવવામાં સામેલ હતા અને નકલી નોકરીના ઈન્ટરવ્યુ પણ કરાવ્યા હતા.

બાલાસોરના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, "પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગેંગના લીડરે નોકરી શોધનારાઓ પાસેથી લગભગ એક કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે." એક આરોપીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જ્યાંથી નકલી નિમણૂક પત્રો, નામાંકિત કંપનીઓના અરજીપત્રો, રૂ. ૧૦.૫૦ લાખના સોનાના દાગીના, રૂ. ૩.૦૯ લાખ રોકડા, બેંક ખાતા અને રૂ. ૨૮ લાખની થાપણો મળી આવી હતી. આમ કુલ રૂ.૮૦ લાખની મિલકતો મળી આવી હતી.

## બાઈડેન નબળા રાષ્ટ્રપતિ હોઈ તેમની ભૂલોથી ત્રીજું વિશ્વયુધ્ધ થશે : ટ્રમ્પ

**જામીન પર બહાર આવેલા ટ્રમ્પે બાઈડન તંત્ર પર ભડાસ કાઢી : એક કેસમાં દોષી ઠેરવ્યા બાદ ટ્રમ્પે મંગળવારે તેમના પ્રથમ જાહેર ભાષણમાં આ ટિપ્પણી કરી**

વોશિંગ્ટન,તા.૫

એક તરફ પોર્નોગ્રાફિક સ્કેન્ડલમાં અટવાયા બાદ ધરપકડ અને કોર્ટમાં હાજરી અને સામે પક્ષે જામીન પર બહાર આવેલા ટ્રમ્પે બાઈડન તંત્ર પર ભડાસ કાઢી છે. વર્તમાન વહીવટીતંત્ર પર દેશને બરબાદ કરવાનો આરોપ લગાવતા અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, જો બાઈડેનના વહીવટ હેઠળ વિશ્વ ત્રીજા વર્લ્ડવોરનો સામનો કરી શકે છે, જેમાં પરમાણુ હથિયારોનો પણ ઉપયોગ થવાની આશંકા છે.

એક કેસમાં દોષી ઠેરવ્યા બાદ ટ્રમ્પે મંગળવારે તેમના પ્રથમ જાહેર ભાષણમાં આ ટિપ્પણી કરી હતી. ગુનાહિત આરોપોનો સામનો કરનાર ટ્રમ્પ પ્રથમ યુએસ રાષ્ટ્રપ્રમુખ છે. ટ્રમ્પ મંગળવારે મેનહટન કોર્ટમાં ૨૦૧૬ના રાષ્ટ્રપતિના ચૂંટણીના પ્રચાર-પ્રસાર અભિયાન દરમિયાન પોર્નોગ્રાફિક અભિનેત્રી સ્ટોર્મી ડેનિયલ્સને પોતાનું મોં બંધ રાખવા માટે કરોડો ડોલરની ચૂકવણી કરવાના આરોપો સંબંધિત ફોજદારી સુનાવણી માટે પહોંચ્યા હતા. જોકે તેમણે કોર્ટમાં હાજર રહીને ખોટા બિઝનેસ રેકોર્ડના ૩૪ ગુનાની ગણતરીઓ માટે દોષિત ન હોવાનું કબૂલ્યું હતું.




ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઘણા દેશો પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા છે, જ્યારે અન્ય લોકોએ તેમના વહીવટ દરમિયાન ક્યારેય તેનો ઉલ્લેખ કર્યો નથી અથવા વાત કરી નથી.ન્યૂયોર્કથી પરત ફર્યા બાદ ફ્લોરિડામાં તેમના માર-એ-લાગો રિસોર્ટમાં બોલતા ટ્રમ્પે કહ્યું, "બાઈડેન વહીવટીતંત્રના નેતૃત્વમાં પરમાણુ શસ્ત્રો આધારિત ત્રીજા વિશ્વયુદ્ધ તરફ આગળ વધવાની દરેક સંભાવના છે. માનો કે ના માનો, આપણે હવે ત્રીજા વિશ્વ યુદ્ધથી દૂર નથી."

રિપબ્લિકન નેતા ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેન (ડેમોક્રેટ નેતા)ના શાસનમાં દેશ અસ્તવ્યસ્ત, અવ્યવસ્થિત છે.

● અનુસંધાન પાન-૭ પર

## તેલંગણા ભાજપના અધ્યક્ષ બંદી સંજય કુમારને પોલીસે કસ્ટડીમાં લીધા

**વડાપ્રધાન મોદી આઠ એપ્રિલે તેલંગણાની મુલાકાત લેવાના છે**

હૈદ્રાબાદ,તા.૫

તેલંગાણા ભાજપના અધ્યક્ષ બંદી સંજય કુમારને મંગળવાર-બુધવાર (એપ્રિલ ૪-૫) ની મધ્યરાત્રે તેમના કરીમનગર નિવાસસ્થાનથી પોલીસે કસ્ટડીમાં લીધા હતા. તેલંગાણા ભાજપના વડાને એવા સમયે અટકાયતમાં લેવામાં આવ્યા છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ પછી ૮ એપ્રિલે રાજ્યની મુલાકાતે આવવાના છે. અહેવાલ મુજબ પોલીસ મોડી રાત્રે કરીમનગર સ્થિત બંદી સંજયના ઘરે પહોંચી અને તેમને કસ્ટડીમાં લીધા.

બંદી સંજયને કસ્ટડીમાં લેતી સમયે ભાજપના નેતાના સમર્થકો અને કાર્યકરોએ પોલીસને રોકવાનો પ્રયાસ કરતાં તંગદિલી સર્જાઈ હતી. પોલીસે બંદી સંજયને ઝડપી લીધા અને તેમને વાનમાં બેસાડી દીધા હતા. અહેવાલો અનુસાર, ભાજપ નેતાને નાલગોંડા જિલ્લાના બોમ્માલા રામારામ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે. હજુ સુધી અટકાયત પાછળનું કારણ બહાર આવ્યું નથી.

ભાજપે બંદી સંજય કુમારની ધરપકડના વિરોધમાં આંદોલનની ચેતવણી આપી છે. પાર્ટીના રાજ્ય એકમના મહાસચિવ પ્રમેન્દર રેડ્ડીએ કહ્યું કે, ભાજપના રાજ્ય એકમના અધ્યક્ષ બંદી સંજયની પોલીસે અડધી રાત્રે ધરપકડ કરી હતી. રેડ્ડીએ આરોપ લગાવ્યો હતો કે તે માત્ર તેલંગાણામાં પીએમ મોદીના કાર્યક્રમમાં અવરોધ લાવવાનો પ્રયાસ હતો. આખરે બંદી ક્યાં ભાગી જવાના હતા. તેમણે સવારે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવી જોઈતી હતી.

રેડ્ડીએ પ્રશ્ન કર્યો હતો કે, "સંસદના સભ્ય સામે અડધી રાતે

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના બે પત્રકારોને ચીને દેશમાં પ્રવેશતા અટકાવ્યા

બેઈજીંગ, તા.૫

ચીને ભારતના બે પત્રકારોને તેના દેશમાં પ્રવેશતા અટકાવી દીધા છે. ચીન તરફથી આ પગલું એવા સમયે ભરવામાં આવ્યું છે જ્યારે અમુક અઠવાડિયા પહેલા ભારતે પાડોશી દેશના એક પત્રકારને દેશ છોડવાનો નિર્દેશ આપ્યો હતો.

બેજિંગમાં સરકારી પ્રસાર ભારતીના પ્રતિનિધિ અંશુમન મિશ્રા અને ધ હિન્દુના સંવાદદાતા અનંત કૃષ્ણનને ચીનના અધિકારીઓએ જણાવ્યું કે તેઓ પાછા ન આવે કેમ કે તેમના વિઝા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. મિશ્રા અને કૃષ્ણન બંને તાજેતરમાં અંગત કારણોસર ભારત આવ્યા હતા. બંને પત્રકારો અલગ અલગ સંસ્થાનો સાથે જોડાયેલા છે. જોકે હાલ તો આ મામલે ભારત સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## ન્યૂઝીલેન્ડ-શ્રીલંકા પુરૂષ ટી૨૦માં પ્રથમ વખત મહિલા અમ્પાયર

**આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં મહિલા અમ્પાયર હોય છે : કિમ કોટન આઈસીસીના બે પૂર્ણ સભ્ય દેશો વચ્ચેની પુરુષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં મેદાન પર ઊભેલી પ્રથમ મહિલા અમ્પાયર બની**




ક્વિન્સલેન્ડ,તા.૫

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોમાં મહિલા અમ્પાયરો ઘણી વખત જોવા મળી છે પરંતુ પુરૂષ ક્રિકેટમાં આ પહેલી વાર એવુ બન્યુ કે જ્યારે આઈસીસીના બે પૂર્ણ સભ્ય દેશો મેચ રમી રહ્યા હતા અને મેચમાં મહિલા અમ્પાયરે કમાન સંભાળી હતી. ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે ચાલી રહેલી ૩ મેચની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની બીજી મેચ દરમિયાન આ બન્યુ હતું. આ મેચમાં કિમ કોટન મહિલા અમ્પાયર હતી. ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડેએ માહિતી આપી હતી કે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પારિવારિક માહોલમાં યોજે છે

Ekarth
GCF CUP
NIGHT CRICKET TOURNAMNET
21 એપ્રિલ થી 10 મે, 2023

ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી,
સેક્ટર - 8 મેદાન, ગાંધીનગર

રોમાંચક રમતની
રોમાંચક અનુભૂતિ

- ગ્રીષ્મની આહ્લાદક સાંજે રમણીય વાતાવરણમાં ક્રિકેટની મોજ સાથે મજાના સ્ટોલ્સ.
- આરામદાયક બેઠક વ્યવસ્થા સાથે વિશાળ સ્ક્રીન પર જીવંત પ્રસારણ.
- ટેનિસ અને મેચીસ બંને નોક-આઉટ સિસ્ટમથી રમાશે.
- ગાંધીનગરમાં રહેતા અથવા ગાંધીનગરમાં નોકરી કરતા ખેલાડીઓ ભાગ લઈ શકશે.
- ટેનિસ ક્રિકેટ મેચ 12 ઓવરની અને મેચીસ ક્રિકેટ મેચ 20 ઓવરની રહેશે.
- મેચ દરરોજ સાંજે 6.00 વાગ્યાથી શરૂ થશે.

એન્ટ્રીફોર્મ ભરવાની છેલ્લી તા. 10 એપ્રિલ, 2023

સંપર્ક : ગાંધીનગર સમાચાર કાર્યાલય,
સેક્ટર-8, ગાંધીનગર